ક્રમાંક: રાપબો/પ્રા.મા.શિ/૨૦૧૮/3547 - 4083
રાજ્ય પરીક્ષા બોર્ડ,ગુ.ર.
સરકારી પુસ્તકાલય સામે,
સેકટર-૨૧,ગાંધીનગર
તા.૨૧/૦૭/૨૦૧૮

પ્રતિ,
તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ
તમામ જિ.પ્રા.શિક્ષણાધિકારીશ્રીઓ
તમામ્ ડાયેટ પ્રાચાર્યશ્રીઓ,
તમામ શાસનાધિકારીશ્રી
તમામ ટી.પી.ઈ.ઓ
તમામ બી.આર.સી/સી.આર.સી

વિષય :- પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષાના પરીક્ષાર્થીઓની યોગ્યતામાં અને અભ્યાસક્રમમાં થયેલ સુધારાની જાણ કરવા બાબત.

સંદર્ભ :- (૧) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: એસસીએચ/૧૧૧૬/૫૩૯/છ,તા.૧૪/૮/૨૦૧૭.
(૨)રા.પ.બોર્ડની તા.૧૯/૭/૨૦૧૮ની પરીક્ષા સમિતિ બેઠકની કાર્યવાહી નોંધ અન્વયે

ઉપરોકત વિષયના અનુસંધાનમાં જણાવવાનું કે, સંદર્ભના શિક્ષણ વિભાગના તા.૧૪/૮/૨૦૧૭ના ઠરાવ મુજબ પ્રાથમિક-માધ્યમિક શિક્ષણનું એકમ નવી પેટર્ન મુજબ ધો-૧ થી ૮ પ્રાથમિક અને ધો-૯ થી ૧૦ માધ્યમિક ગણવા અને તે મુજબ તેનો અમલ કરવા જણાવેલ છે. જે અનુસાર વર્ષ-૨૦૧૮માં ઓકટોબર માસમાં લેવામાં આવનારી સદર પરીક્ષા નવી પેટર્ન મુજબ લેવામાં આવશે.

| ક્રમ | પરીક્ષા | નવી પેટર્ન મુજબના શિક્ષણના ધોરણો | યોગ્યતા અને અભ્યાસક્રમ |
|---|---|---|---|
| ૧ | પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ | પ્રાથમિક શિક્ષણના ધોરણો (ધો- ૧ થી ૮)<br>પરીક્ષા લેવા માટેનુ ધોરણ-૬ | ૧) ધોરણ - ૫માં ૫૦% ગુણ મેળવેલ અને ધોરણ-૬ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ આ પરીક્ષા આપી શકશે.<br>૨) ધોરણ-૧ થી ૫ સુધીનો અભ્યાસક્રમ રહેશે. |
| ૨ | માધ્યમિક શિક્ષણં શિષ્યવૃત્તિ | માધ્યમિક શિક્ષણના ધોરણો(ધો- ૯ થી ૧૦)<br>પરીક્ષા લેવા માટેનુ ધોરણ-૯ | ૧) ધોરણ - ૮માં ૫૦% ગુણ મેળવેલ અને ધોરણ-૯ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ આ પરીક્ષા આપી શકશે.<br>૨) ધોરણ- ૬ થી ૮ સુધીનો અભ્યાસક્રમ રહેશે. |

ઉકત વિગતની જાણ રાજયની તમામ શાળાઓના આચાર્યશ્રીઓ અને વિદ્યાર્થીઓ સુધી પહોંચે તે અંગે બહોળો પ્રચાર કરવાનું જણાવવામાં આવે છે.

<u>નકલ સવિનય રવાના જાણ સારૂ :-</u>

- અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી ,ગાંધીનગર.
- નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ ,ગાંધીનગર
- નાયબ નિયામકશ્રી, શાળાઓની કચેરી,ગાંધીનગર
- નાયબ નિયામકશ્રી ,ઉચ્ચ શિક્ષણની કચેરી ,ગાંધીનગર
- સચિવશ્રી ,સર્વ શિક્ષા અભિયાનની કચેરી,ગાંધીનગર

ક્રમાંક / ૩૯-૫૬૨-૪૦૦૬૦
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
જોરાવર પેલેસ,
બનાસકાંઠા જિલ્લો, પાલનપુર.
તારીખ · ૨૬ • ૭ -૨૦૧૬

૦૨/- નકલ રવાના જાણ તથા અમલ સારૂ.

(સહી)
જિલ્લા શિક્ષણાધિકારી,
બનાસકાંઠા જિલ્લા, પાલનપુર.

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી/બિનસરકારી/બિનગ્રાન્ટેડ,
શાળાઓ તમામ,
પાલનપુર, બનાસકાંઠા